૫૨૮ શ્રી ડાકોરાધિશ નવિન,

શ્રી રણછોડરાયજી

મહારાજનું

સંગીત નાટક.

રચનાર,

સ્વર્ગવાશી. મોતીલાલ નાથજી મેહેતા,

છપાવી પ્રસિદ્ધ કરનાર,

દ્યાંની. જયશંકર વિ૦ ભાઇશંકર ડાકોરના,

અને,

અધ્યારૂ, મગનલાલ શીવરામ ડાકોરના.

અમદાવાદ

"વિજય પ્રવર્તક" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૦.—સને ૧૮૯૪.

કિંમત બે આના.

૫૮૨૮

॥ श्री डंकपुराधिश ॥

नविन,

श्री रणछोडरायजी महाराजनुं.

સંગીત નાટક.

રચનાર.

સ્વર્ગવાશી. મોતીલાલ નાથજી મેહેતા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વ્યાંનો. જયશંકર વિ૦ ભાઈશંકર ઠાકોરના.

અને,

અધ્યારૂ. મગનલાલ શીવરામ ઠાકોરના.

અમદાવાદ.

"વિજય પ્રવર્ત્તક" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

કિંમત બે આના.

સંવત ૧૯૫૦.—સને ૧૮૯૪.

પાત્રજન.

ભીમ. અરજુન.	}......એ ભાઇ પાન્ડુ રાજાના દીકરા.
કૃષ્ણ	......દ્વારકાંપતી (ભગવાન.)
ડંકરૂષિ	...એક તપસ્વી હાલ ડાકોરગાં ડંકનાથ મહાદેવ કહે છે તે.
વીજયસીંહ (બોડાણો)	......એક ભકત ડાકોરનો રજપુત
ગંગાબાઇ	......વીજયસીંહની સ્ત્રી.
વીદ્યાર્થી	......એક બ્રાહ્મણ કુમાર
સાધુ	......દ્વારકાં જનાર યાત્રી.
ટેલબટ	......ગોમતીજીમાં નાનાર.
બ્રાહ્મણ	......એક હરીભકત.
રાગદાસ. જેઠાજી. ચુથાચો.	}......ખાખરીયા (ડાકોર) ગામના પટેલ.
શંભુદાસ. જીવાજી. શોભદત્ત. દયારામ. દુર્ગારામ.	}......ગુગળી.
દેવપુરૂષ	......સ્થાપીત સીમડીનું લાકડું
દુલીપસિંહજી	......દ્વારકાંનો રાજા.

શ્રી ડંકપુરાધિશ, નવિન.

श्री रणछोडरायजी महाराजनुं.

संगीत नाटक.

સર્વે પાત્રો— કલ્યાણ.

ડંકેશ હો મહેશ લાજ આજ તાજથી ભજીશ વેશ બેશ. ટેક.
અરધાંગે ઉમીયા અવીનાશી, અભીલાશી આશીસ;
દેયણ દાતા સુખની શાતા, ત્રાતા કર ધર શીશ. ડંકેશ૦ ૧
જળ હળ જ્યોત ઉદ્ધોત શશીશીર, અર્ધ ચંદ્ર જગરાય;
પાપ નીવારણ તારણ હારણ, જટામે ગંગા માય. ડંકેશ૦ ૨
ભોળાશંભુ આદ્ય નિરંજન, જગ જન કરતા આપ;
દે મતી સારી રીતમાં ધારી, ટાળો મન પરીતાપ. ડંકેશ૦ ૩
સુરપતી જગપતી નરપતી, નથી મતી રતી લગાર;
કર કરૂણા પૂરણ કરૂણાગર, યશ લઈ પામુ પાર. ડંકેશ૦ ૪
ભક્તોના પતી પાળક ટાળક, દુઃખના દીન દયાળ;
બાળ વીનતી બાળકની આ, આળ આવતાં ટાળ. ડંકેશ૦ ૫

પ્રવેશ પહેલો.

(હસ્તીનાપુરમાં અભીમન્યુંના પુત્ર, પરીક્ષતને ઉપવિત દાન દીધા પછી, અરજુન, ભીમ, શ્રી કૃષ્ણ ભગવાન, તેમના ઘર તર્ફ જતાં, અરણ્યમાં ભીમને ત્રષા લાગે છે.)

ભીમ— કલ્યાણ.

રે હો શ્રીપતિ મારી વતી, સાંભળો ત્રષા પિડે છે રેવાતુ નથી. ટેક.
મુખ મારૂં સુકાઇ ચાલ્યું, પડે ગળામાં શોશ;
પાણી પાણી જીવડો જંખે, કેમ ચલાશે કોશ. રે હો૦ ૧
જળ વિજોગે જીવ આ જાશે, થાશે બુરા હાલ;
કંઠ આ સુકાવા લાગ્યો, ચક્ષુ ચઢીયાં લાલ. રે હો૦ ૨

અરજુન— બનજારો.

બંધુ ઝંખે પાણી પાણી, હું ક્યાંથી આપુ આણી. ટેક.
છે જંગલ આતો કારી, નથી હીંમત ચાલતી મારી;
હરિ રાખ્યો હયને તાણી. હું ક્યાંથી. ૧
છે ખાખર બીલી બાવળ, કંથારી બોર ને આવળ;
પડે શ્રવણ સિંહની વાણી. હું ક્યાંથી. ૨
નથી નદી વાવ તળાવો, નથી કુવા ને નથી વાવો;
કઇ બતાવો જળ એંધાણી, હું ક્યાંથી આપુ આણી. ૩

શ્રી કૃષ્ણ— ગઝલ.

છે નજીક નીર વીર ધીર ધારની,
લાગી પ્યાસ ખાસ મને ઠેક વારની. છે. ૧
થોડે દુર ચાલતાંજ પાણી પામશો,
આરસપરસ પીને સરસ તરસ ઠારની. છે. ૨

ભીમ— સફર.

નથી નથી ચાલતુ નાથરે નથી નથી,
પાણી વીણુ જીવ જાય હાય સરવગી. નથી. ૧
તાપ ને ઉતાપ આપ કાપનાર છો,
છો ત્રીલોકીનાથ પાસ લક્ષ્મીના પતી. નથી. ૨

(થોડું આગળ ચાલતાં ખાખરીઆ ગામ આગળ ડંક રૂષિના આશ્રમ નજીક આવી પોચે છે.)

પ્રવેશ બીજો.

(સ્થળ, ડંકમુનીનો આશ્રમ, પાત્ર, ડંક મુની, શ્રી કૃષ્ણ ભગવાન અરજુન, ને ભીમ.)

ભીમ— લાવણી.

શી મંદ મંદ આ લેર પવનની વેં છે, છે ધન્ય ભાગ્ય એ ગોમતીકાંઠે રે.હેજી;
નીરમળ ગંગા સમ નીર રહ્યું છે ગાજી, મહી કરે ભ્રમર ગુંજાર કમળને બાઝી;
રહી વડ ઘંભીર ચોપાસ કરે ઘતરાજી, વાહ: આ કેવા છે છોડ જોઇ થઉ રાજી;
જો ઝંગ લતાએ અરસ પરસ ઝહી કે છે, છે ધન્ય ભાગ્ય એ ગોમતી કાંઠે રે.હેજી;

અરજુન— ગજલ.

કયા ખુબ મજેદાર યાર આ નવાણુ છે, મુની મહાન કારણે ધન્ય નવાણુ છે;
છે અલ્પ નીર વીર પાન પ્રીતથી કરો, હરી જુવો તરંગ તીર શું નવાણુ છે.

ભીમ— આશાગોડી.

નીર રહ્યું વીર થોડું, સરોવરીએ નીર રહ્યું વીર થોડું, ટેક. ।
શાંત થયો જળ નીરમળ પીને, રાખ્યું ન ધોવાએ મ્હોડું, સરો.

કહોતો રૂષિને પાયે લાગુ, કરી વંદન કર જોડું; સરે.
દો આજ્ઞા આ અજ્ઞાનીને, ગદાએ પાતાળ ફોડું; સરે.

અરજુન— **હીડીં.**

વ્હાલા ભડ ભીમ બાથી તુ બળી, વ્હાલા ભીમ શકે કુણ કીરતી કળી;
વ્હાલા ભીમ હાકથી અરી ગયા જળી; વ્હાલા. ૧
આ ગદાયે ગાજી કર ઉર્મીમાં પ્રહાર,તોડીને પાતાળ કાડય જળધાર;
વાર ના લગાડય ઝટ કર હોકાર; વ્હાલા. ૨

(ગદાના ઘોર શબ્દથી, આ શું છે, આશું છે, એમ બોલતા રૂષિ આવે છે.)

શંક રૂષિ—(શ્રી કૃષ્ણ ભગવાનને જોઇને) **કટાવ.**

રે દુઃખ હરતા, બ્રીદ્ધિ કરતા, નરના ગુણો સૌ સંહરતા.
બારતા ભાના સગળે ફરતા દુષ્ટો ડરતા, દેખી દરતા ભક્ત ફક્ત
તુ અંતર જામી, ગરૂડા ગામી, ના કંઇ ખામી, વંદન સ્વામી,
આશીર નામી, દાસ કરે તે રહગે ધર્તા—રે દૂખ હરતા.

ભીમ— **ગીતી.**

નમી નમી વંદન કરીએ, માહા મુનીમાં શ્રેષ્ટ ગણાતાને;
કરીએ દોકર જોડી, પ્રણામ રૂષિજીરે શીવ ત્રાતા ને;

કૃષ્ણ— **ક્ષત્રીકલંક.**

મુની દરસનથીજ કૃતાર્થ, જોતાં હું રૂડા તપ ધારી રે;
થયો જન્મ સફળ સૌ સ્વાર્થ, જોતાં હું રૂડા. ૧
દેહ ધારીને દુરલભ આપ, જોતાં હું રૂડા.
ટળે જન્મ મરણ પરીતાપ; જોતાં હું રૂડા. ૨

શંક રૂષિ— **લાવણી.**

હે સ્વામી જગતના, રક્ષા છો સગળે વ્યાપી,દર્શનથી પામે પાર, સાર પીડ પાપી;

દેહ ધરી મનુશની,મોહ પમાડો આધાપી,કંઈ પાપી પાવન કરી,મુક્તીઓ આપી.
રહો એક દીવસમમ,આશ્રમમાંહો હરજી,અંગીકાર કરી તાંદુળ,સ્વીકારો અરજી;

કૃષ્ણ— શ્રીતાળી ચોપાઈ.

અહો મુની મહા તપ ધારો, થયો પ્રસંન જોઈ ભક્તી તમારી;
ભુખ તર્શ ને નીદ્રા ત્યાગી, સહે સંકટ શીદ સોહાગી.
આપુ ઇંદ્રનું ઇંદ્રાસંન, કાંતો આપુ શ્રી શક્તી ભૂવંન;
હોય ઇચ્છા જે મનમાં ધારો, માગ્ય માગ્ય સમાધી ઉતારી.

રૂકરૂષિ— (દયાળુ દેવ, કૃપાળુ તું)એ રાહ.

પ્રભુ કર્તા, દીસો ભર્તા, સહુ સંકટને હર્તા;
મંદન મારૂ, દયાળુ દેવ, કરો પાવન, ઉંડાનું શેવ;
નથી હો નાથ, ઓ આરો, ભુગડો યા, ગમે તારો,
રહો એક રાત્ર, આ ઘરમાં પ્રભુ લ્યો વાત, આ ઉરમાં;
તમારો ખાસ, છે વિશ્વાસ, કરીને નજર, રાખો પાસ.

કૃષ્ણ— મેવાડો.

થયો પરસન હો મુની જંનરે, તુજ ભક્તીએ ભલો,
કરૂ અરપણ તન મન ધનરે, તુજ ભક્તીએ ભલો; ટેક.
તારૂ તે એ બોવન મારૂ, સારૂ છે એ છાજ,
ભાવની ભાજી મેવા સરીખી, અભાવી સાકર નાજ રે; તુજ
જાપ જપી ધર્યું ધ્યાંન અહોનીશ, ધારી અચળ ઇશ,
આશા તારી પુરણ કરવા, કંઇક હું દીન રહીશ રે; તુજ.
દ્વારકાંનાથ સૌ સાથ સંગાથે, આવીશ હુ આ ઠાર,
વરણવવા મહીમા ઠાકોરનો, શેશ શું પામે હામરે. તુજ.

પ્રવેશ ત્રીજો.

(સ્થળ. ખાખરનું ગામ, "ડાકોર")પાત્ર, ગંગાબાઇને, વિજયસિંહ.

વિજય— પદ રાગ કાફી.

કરૂણા કર દેવારે, દુખ છુ ભવ આદરીએ;
નથી કીધી શેવારે, શી રીત્યે પ્રભુજી તરીએ. ટેક.
નાની વયમાં વિત કારણે, ધર્યું ન તારૂ ધ્યાન,
માયામાં લપટાઈ પડયા, ના ઓળખ્યા પ્રભુ શું જાણ;
શાણુ પણ સુખેરે ન અર્પ્યું, પ્રભુજી જરીએ. કરૂણા. ૧
માત તાતને ભગની મારી, મારી બેટી ભ્રાત,
સાથ સહોદર આ સૌ મારૂં, મારી નાતને જાત;
વાત નવ સુણીરે; પ્રભુજી હવે કેમ કરીએ. કરૂણા. ૨
મુઢ મતી અજ્ઞાન મતી હુ, નથી ગતી લગાર;
માયાથી તુ મુક્ત કરીને કાઢ હરી હવે બાર,
ધાર ધણી તારો રે, વિદારો દુઃખ તો ફરીએ. કરૂણા. ૩

ગંગાબાઇ— ઠુમરી.

રે હરી હર કરૂણા કર અમપર, આશ અવરની નાથ નથીરે, ટેક.
દીનપણાનું દુઃખ નીરંતર અમપર આગળ ગાત્રે રે;
તેમાં વળી પેટ પૂર મળે નહી, લોક હસારત થાવે રે. રે હરી. ૧
ખાવા અંન ન પેટ ભરી મળે, રે'વા ન મળે ભોજનરે,
દેવા વાળા બોલે કવચું, તે જોઇ લાજે સ્વામીનરે; રેહરી; ૨
રોજ ઉઠીને મેંણાં સહેવાં, કરતાં સારૂ મણુંરે;
ઓરીઓ કઇ અવિનાશી ન વીત્યો, તો દે માગમા ધણુંરે; રેહરી. ૩
(એટલામાં એક બાહ્મણ આવી આશ્રવાદ કહે.) सत्यं भवती सहृदः

ગંગાબાઇ—(ડોલેરે જોબન મદમાતીરે ગુજરીયાં,) એરાહ.

શું જીવીને જગમાંહી દીનપણે રેવુંરે,
વાંઝીયાનું મેણું માઠું. દંપતીને સેવુંરે; શું;
ખાવા પીવા સદનમાં નહી પીડયા પામુ તનમાં,
જનમાં ન માન્ય શળે કાંને જ કેવુંરે, શું.

બ્રાહ્મણ— સોરઠની ગજલ.

કરૂણા નીધિ કષ્ટ કાપશે. અતી આપશે પ્રભુ સંપતી;
સુખ પામસો દુઃખ વામશો, આમ સોચમાં કર દંપતી; કરૂણા;
દીનના દયાળ છે પ્રભુ, જક્ત કાર કરૂણા મય વીભુ.
તે જાણે છે મનની બીના, નથી દુર એથી કઇ રતી; કરૂણા,

ગંગાબાઇ— સીહાનો કનરો.

વિપ્ર વચન જો પડશે સાચુ, તો અતી અંતર માંહી હુ રાચું; ટેક,
આશ મને અવિનાશ તણી બસ, ખાસ ખરા વિશ્વાસથી જાચું વિપ્ર.
પણ દુઃખ મોટુ દેવાદારનુ, વળી વાંઝીયા મેણાથી ત્રાસું; વિપ્ર
બાંહ્ય ગ્રહી બળતાને, ઉગારો તારો નહીતો આજીવ ફાંસુ; વિપ્ર.

બ્રાહ્મણ—હેલી (અમર ફળ આવ્યું આ.) એ. રાહ.

તારૂ સારૂ કરશે શ્રી દ્વારકાંના. પતીરે,
ધીર ધર મન માંહી માની મારૂં સતીરે, તારૂ.
દરીદ્રતા દુઃકરી, દીનના દયાળુ હરિ,
સુખ દઇ સુખ, દુખ દુર કરી અતીરે, તારૂ.

પ્રવેશ ચોથો.

(સ્થળ ખાખરીયા (ડાકોર) ગામની ભાગોળ પાત્ર જાત્રાળુસાધુ

વિજયશિહ— રાગ ધનાશ્રી.

ક્યારે જશો મહારાજ, કહોને સાચું ક્યારે જશો મહારાજ, ટેક,
છાપ તીલક તુળશીની માળા, ધારી ગળે શા કાજ; કહોને.
દેખાવ છો ઉમંગી અંગે, મુકીને બોલો આજ; કહોને.
ઝોળી ઝંડા કરકમંડળ, વિના નથી કાંઇ સાજ; કહોને.

સાધુ— ત્રીશાળીં ચોપાઇ.

અમો આવ્યા ઘણા ગાઉ ચાલી, લાગી ભક્તિ પ્રભુની વ્હાલી;
ફરતા દેશ મુકી પરદેશ, ધરી જાત્રાળુંના ખરો વેશ,
આજે વાસો કરી અહી રહીશું, વ્હાણું દ્વારામતી ભણી જઇશું;
મુક્ત થઈસું કરી દરસંન, નઇ ગોમતી થઇશું પાવન;

વિજય— દક્ષણિ લાવણી.

આવવા તઇયારછું, સાથમાં તમારીરે; ટેક.
પ્રભુ પ્રતાપ, જાપી જાપ, તન ઉતાપ, બાળી પાપ;
નાથ નયણે ધારીરે; આવવા તઇયાર છું, ૧
નરહરી રટુ, ભાવ ભેર ભારીરે,
સાચી પ્રીત, દાખુ ચીત, હું અતીત, રેખચીત, એક ચીત,
ચીત ઠીક ઠારીરે,; આવવા તઇયાર છું; ૨

સાધુ— બીહાગની ગજલ.

જો વિચારી દીલ વીશે, નજદીક એ નથી,
ચાલવું પડશે ઘણું, જતાં દ્વારામતી;

જો હામ હોય હઇયા તણી, તો થાને તું તૈયાર,
ચાલ્ય તાર નાર છે, શ્રી લક્ષ્મીના પતી:

વિજયસિંહ— બન્નજારો.

મને હામ છે હૈયે ભારી, આવું ખચીત સાથ તમારી; ટેક૦
મારે ભજવા છે અવિનાશી, હું દરસનનો છું પ્યાસી,
રહેવા ઇચ્છું શર્ણુંમાં જારી, આવું ખચીત સાથ તમારી; ૧
છે વિકટ જંગલ આતો, નહી સુખ અતી દુરજાતો,
મન સંગાથે વીચારો, આવુ૦—(પડદો પડયો)

પ્રવેશ પાંચમો.

(સ્થળ—દ્વારકાં ધીશનું દેવાલય.)

ગુગળી— સોરઠની ગજલ.

જુક્તિ મુક્તિનીના જક્તમાં, ભકતી ભાવથી પીછાની નહી;
જન્મ્યો વૃથા જંજાળમા, જનીતા જણી જાણી નહી; જુક્તિ.
ગણીકા ગણી ના ભીલડી, સવરી સુદામા દ્રોપદી,
ભાજી ભાવનીરે વિદુરની, ખાધી નાત જાત ગણી નહી; જુક્તિ.

બાહ્ય— (હમકુ છોડચલે બીન માહુ.) એ રાહ.

પ્રીય પ્રભુને તુળશી દળછે, પ્રીય પ્રભુને ભકતીરે;
ભાવ થકી સુંદરને ભજતાં, પામે પારાત્પરા મુકતરે, પ્રીય.
ફુલ નથી ફળ પાન પ્રીય નથી, પ્રીય નથી કાંઇ દામરે,
રંક રાણાનું કામ નથી કાંઇ, હરિનું જપતાં નામરે; પ્રીય.

ઓડાણો. (વિજયસિંહ)   ગીતી.

કેશ્વ કૃપા કરીને, અભય ભક્તિનું દાન દીઓ અગને,
કાળે કરવાવી, આવી તુળશી ચડાવીશ તમને; ૧

પ્રવેશ છઠો.

(સ્થળ ગંગાબાઇની ઝુપડી.)

ગંગાબાઇ— રાગ સીતાના મહીનાનો.

મારા પ્રાણ પ્રીયેની સહાય, કરજો હરજીરે;
મારા ચીતમાં અતી ચીંતાય, સાંભળો અરજીરે;
નથી ગાંઠે પઈશો રોક, દેશ અજાણ્યોરે,
નથી હીંડવા શક્તિ લેશ, મંન પ્રમાણોરે;
આણી ઉલટ ઝટપટ નાથ, ચાલી નીસરીયારે,
મારો કરવા રહ્યા ન સંગાથ, વીનતી ધરીઆરે;
થયું પખવાડીયું જુવો એક, જાતાં વીદેશેરે;
સાલે વિયોગ મુજને છેક, ગમે નહી લેશરે;
(એટલા માં બોડાણાનું દ્વારકાંથી આવવું,)

બોડાણો— હરીગીત છંદ.

સુણ પ્રાણ પ્યારી, વાત મારી, ચીત્ત ધારી, કાનમાં,
જોતાં વીચારી, જરૂર નારી, લાગ્યું મન, હરી ગાનમાં,
છે પરમ દૈવત દેવમાં, સુભ રીતથી પ્રીને હરી;
ભજતાં મલી ભવ વાંચ્છના, પામે રૂલી, જાયે તરી.

ગીતી.

પણ એક એવું કીધું, ખરા ભાવથી ગંન પ્રસંન થૈને;
ડાળા કરમા તુળસી, વાવી જઇ ચઢાવવી હરીને.

પ્રવેશ સાતમો.

(બોડાણો ફરીથી દ્વારકાં જઇ ગોમતીમાં સ્નાન કરતાં.)

બોડાણો— રાગ છંદ સભાનો.

અધમ પાપી તારનારી માત ગોમતી,
એ સમાન સૃષ્ટિમાં બીજુ કોઇ નથી. અધમ.
યમનાં ગોદાવરી કાવેરી સરસ્વતી,
એ બધી નદી ખરી પણ નોય ગોમતી. અધમ.
અતળ વિતળ પાતાળમાં તુલ ના દ્વારામતી,
શું વખાણું જીભથીરે જ્યાં છે શ્રી પતિ. અધમ.
ગંગા ને વૈતણી ક્ષીપ્રા ને સાબરમતી,
કાપતી કુબુદ્ધ સુદ્ધ આપતી મતી. અધમ.

(સ્નાન કર્યા પછી બ્રાહ્મણોને દક્ષણા આપી શ્રી રણછોડજીનાં દરસન કરતાં.)

બોડાણો— (ધન્ય ધન્ય હરીશ્ચંદ્ર રાજન.) એ રાહ.

બનસીધર તું બલીહારીરે, જાઉં વદન કમળપર વારી. બંનસીધર.
શંખ ચક્ર ગદાપદ્મ સોહત કર, મોર મુગટકી છબ ન્યારીરે. બં૦
મકરાકીટ કુંડળ કરણુ નમે, કટી પિતામ્બર ભારીરે. બં૦
લટકાળી છબ પેશ્રીત પેખી, મન મોહન મોરારીરે. બં૦

ઓડાણો— બણજારો.

નથી ઓળખ્યા સારંગ પ્રાણી, ત્યાં લગી બધું ધુળધાણી;
કામ ક્રોધ લોભ મદ ત્યાગી, જુવે છત્ર જરા જો જાગીરે,
નથી ઉલટ અંતર આણી. ત્યાં લગી.
નારાયણ નરસૈંઆ છે, પ્રભુ ભાવતણા ભુખ્યા છે,
જેને જુક્તિ ના કાંઇ જાણી. ત્યાં લગી.

ઓડાણો— રાગ આશાવરી.

રે રઘુનાથ અનાથનો આરો, નથી તમવીણ જુગડો કે તારો. રેરઘુ૦
આ સંસાર ભર્યો સબ સાગર, સ્વારથકા સગો શ્વામી અમારો. રેરઘુ૦
પાગર આગળથી હું ડુબું ભવસિંધુ ભવ પાર ઉતારો. રેરઘુ૦

પ્રવેશ આઠમો.

(ઓડાણાને નિંદ્રામાંથી જગાડી ભગવાન કહે છે.

શ્રી રણછોડરાયજી— રાગ કલ્યાણ.

પ્રસંન પ્રસંન પ્રસંન હું છુ ભક્તજંન,
માગ્ય માગ્ય માગ્ય, આપુ માગે તે વચન. પ્ર૦
ખરા ભાવની ભક્તિ તારી ધારી જોતાં ચીત,
અન્ય સુખની ઇચ્છા છે નહી, કેવળ મારી પ્રીત. પ્ર૦
શેવા શીતેર વર્ષ લગી તે, કરી ધરી આકીન,
તુજ લાયક વસ્તુના બીજી, હું છું તુજ આધીન. પ્ર૦

શીતી.

પ્રસન થઇને કહુછું, લઇ જા મુજને ગમે તેવી રીત્યે;
આમ તારે હું આવું, વચન સત્ય આ આપુછુ પ્રીત્યે;

બોડાણો   કવિત.

મોહન મોરારી ધીર ધારી, બલીહારી તારી,
તારી નારી ગુણકા નીવારી એક નામથી;
જારા વ્યભીચારી કરનારી સકુમારી ભારી,
લીગારી ઉતારી દીલ ઠારી કોટી કામથી;
રાજી થૈ ખાધી ભાજી વિદુર પોતાનો જાણી,
જાણી મીરાં ભક્તિ સારી તાંણી લીધી ધામથી;
દ્વારકાંના પતી નથી ગતી રતી મતી મારી,
નથી આશ કેવી રીત્યે આવશો આ ગામથી;

શ્રીરણછોડરાયજી—   ગીતી.

નીજ ગામે જઈને તુ, ઝેવી તેવી વ્હેલ જોડી લાવ્ય;
ઝટ જા અહીયાંથી. સત્વર વેગે જઈ પાછો આવ્ય.

પ્રવેશ નવમો.

(બોડાણો ગંગાબાઈને કહે છે.)

બોડાણો—   ગીતી.

સાંભળ પ્યારી મારી, કહું તને તે ચીત્તે લે ધારી;
આવશે શ્રી હરિ પોતે, માગી લાવ્ય ગાડી કોઈની સારી.

ગંગાબાઈ—(છોડી બંમનકી.) એ રાહ.

પ્રીય પ્રાણના પતી,(૨) ચાલતી રતી નથી માહારી ગતી. ટેક.
હય હાથી અહીઆં કયાંથી, કયાં મેના સુખપાલ,
આશ નથી માહા ગાડીની, શી રીતે આવશે લાલ. પ્રીય. ૧

ઓડાણો—વચન આપીને હું આવ્યો છું, સકટ લઈને નાથ,
આવીશ વેગે લઈને સ્વામી, ચાલીશું સંગાથ;
ગંગાબાઇ—થશે શી હું ગતી, ચાલતી રતી નથી ગાબરી ગતી. પ્રીય ૨
ધામ ગળે નહી ગામના, કુવા વાવ તળાવો,
ખાખર બીલી બાવળમાં, ક્યાં આવશે દીન દયાળો. પ્રીય. ૩
ઓડાણો—નરસૈયાની હુંડી સ્વીકારી, કુંવરીનું મોસાળુ,
પૂરી હરીએ લાજ સાચવી, ગાંની તેમ દયાળું;
ગંગાબાઇ—થશે શી હું ગતી ચાલતી રતી નથી ગાબરી ગતી. પ્રીય. ૪

પ્રવેશ દસમો.

(સ્થળ ચોરો ડાકોરનો.)

(પાત્ર, રામદાસ, જેઠાજી, સુંથીઓ, શંભુદાસ, જીવાજી વિગેરે પાટીદાર.)

રામદાસ—(ઓડાણાને આવતો જોઈ એકદમ.) **ગીતી.**
ઓ પેલો આવ્યો, ભગત વેશ ધરી જગત ઠગનારો,
શંભુદાસ—પવિત્ર પુરણ એ છે, પાળી ધર્મ પરિબ્રહ્મને ભજનારો;
રામદાસ—(ખભા ઉછાળતો ને કુદકા મારતો)**રામગ્રી રાગ.**
એમ પરભૂજી મળતા નથી, ફરે દેશ વિદેશ,
જુવો જરી ઘરમાં નથી, ખાવા પીવા ન લેશ; એમ. ૧
દુઃખ સુખ લીલાટે લખ્યું, ટળે નહી તલભાર,
મુરખ મમતામાં મરે, લઈ ધુંસરી ભાર; એમ. ૨
સુંથીઓ.—રાણોડીએ રઘુનાથજી, થાય છે જો પરસંન,
ઘરઘવ સોટે રાખમાં, બારવે ફરે વંન; એમ. ૩

નમસ્કારે જો નર હરી, થતા હોયે પ્રસન્ન,
તો પેટ ભેર સરપ ફરે, બધી રાત્રીને દંન; એમ. ૪
સ્નાન કર્યાથી જો શ્રી પતી, આપે ઉત્તમ દેહ,
તો મીન નીર સડયા કરે, ધરી અંતર નેહ; એમ. ૫

શંભુદાસ— (બોડાણાને.) ગીતી.
કોક દીવસ શા કામે, આપ અહીયાં શા માટે આવ્યા;
છો ગામોટ ખરા કઇ, નવા જુનીની શી ખબરો લાવ્યા;

બોડાણો—એ રાંમ રાંમ બાપા રાંમ રાંમ.

જીવાજી—આવો વિજયસિંહ હવેતો તમારૂ શરીર હાડય ગયું જાણુાય છે,

બોડાણો—હા મોટા હવેનો ઘડપણ થયુંકની,

જેહાભાઇ—(પડદા બહાર જઈ સ્વગત.) ગીતી.
"તો શું એ વિજયને, ભક્તિ કર્યાથી રાજ્ય ગાદી મળશે,*
છાપ તીલક તુળશીથી, શું સંકટ એના સૌ ટળશે;
ખાવા અંન મળેના, રેવા ઘરના જર ક્યારે મળશે,
હું અનુમાન કરૂંજે, આ જન્મારે કેવો દી વળશે;"

બોડાણો— (જકડાવો સીતમકુ. એ રાહ.)
અરે ભાઇ કંઇના નવાના જુની, ફક્ત મુખ મારે, પ્રભુની ધુની;
હવે ચાલવાની નથી હામરે, કરો રંકનું એક આ કામરે;
મને માગી આપોજો બેલ ગાડી, ભલા કેમ હું ગુણ ભુલુ અનાડી;
નકી પાંચ દશ દીન વાટે થશે, પ્રભૂ કોડ સૌના સદા પુરશે.

જેહાભાઈ— દોહરા.
બળદ બૈરીને પગરખુ, કોઇને ના અપાય,

પાગ જાઓને શક્તિથી, હાની નકી થાય;

જીવલો— **ભુજંગી છંદ.**

નથી જોડ જોસવરી મારી પાસે, અતી દુબળા ધોરી છે લે અવાસે;
ધરાવી ખવાડે ખરી ખાંત ખાશે, ખરે ખાંતતો રોજ બે કોસ જાશે.

ચુંથીયો— **રાગસદર,**

અરે રેંકલો ઘેર મારે પડયો છે,
કઇ કાળથી પાણી માંહે શડયો છે,
નથી ધુંસરીને નથી માચડાતો,
લઇને જજે જો કરે ઠીક એનો;

(જેમતેમ લાકડે માંકડું વળગાડી ગાડી જોડી, વિજયસિંહ ગંગાબાઇ પ્રત્યે કહે છે)

મોડાણા **માલીની છંદ.**

પરમ પરમ પ્યારી, પ્રેમથી શીખ આપો,
હરીહર ઝટ હરશે, રંકનાં શીર પાપો;
સફળ જનમ માનું, જો હરિ અહી બીરાજે,
અભય વર દે પોતે, ભક્તાની રાખી લાજે.

ગીતી.

પ્રીય પ્યારી મારી, કહું વાત તે હૃદયમાં સ્થાપો;
દૂર દેશે જાવું, માટે મુજને વાટ ખર્ચી આપો.

ગંગાબાઇ— **ત્રાટકછંદ.**

નથી નાથ જવાર જરી ઘરમાં, સમજુ છો વિચાર કરો ઉરમાં;
નથી સાથ સહોદર આ પુરમાં, રહુ રોજ રહુ ચિંતાતુરમાં;

પ્રવેશ અગીયારમો. (સ્થળ રસ્તો.)

વિજયસિંહ— રાગ રામગ્રી.

ઘોર ઘટા વડ વૃક્ષની, ચીલો પડે ન દ્રષ્ટ;
ઘોર કંથારી ને બોરડી, જોઇ પામુ હુ કષ્ટ. ઘોર૦
બાવળ આવળ બીલીની, રહી ઝુમી લતાય;
શબ્દ શીયાળ વરૂતણા, સુણતાં કંપે કાય. ઘોર૦
દુબળીયા ચાલતા નથી, નથી ગાડીનું ઠીક;
લજવાશે મારો નાથજી, ધીક ધીક હુ ધીક. ઘોર૦
(ચચરૂક ચચરૂક શબ્દ થતાં પઇડું નીકળી જાય છે.)

શીખરણી છંદની ચાલ.

પીડા આ જો બીજી, વળી વળગી આવી મને;
નથી ઘોરી સારા, ઘડી ઘડી કરે મળ મુત્રને;
ખરે પૈડુ નીચુ, નમ્યું, પડશે ઉંધુ થઇ,
વળી જો આ બળદો, બેઠા તો ઉઠે નહી. ૧

સાર્દુલવિક્રીડિત છંદ.

રેરેરે બહુ થાય દુઃખ તનમાં, પડવા થકી વેનથી,
શક્તિ છે નથી છુટતી, કંપારી સૌ હાડથી;
આ વાગ્યુ ઘણું પાય લોહી, નીકળ્યું, શી રીત મારૂ થશે,
આશા આની મળે ન સુજને, જો શંગ કાશી જશે. ૧
(પ્રભુનુ સ્તવન કરતો કરતો ઘણા દીવસે દ્વારકાંધીશના મંદીર આગળ આવે છે.)

પ્રવેશ બારમો.

ગુગળી ૧ લો— ત્રોટક છંદ.

ઇચકાર કરે પણ દુર જરી, જતા લેશ નથી જુવે પુઠ ફરી;
અચકે બહુ વાટ પેસાગ કરી, લઇ વ્હેલ અહી કેમ આવ્યો ફરી;

દુબારામ— રાગ રામગ્રી.

આવો ભયા ગાડી બળદથી, બેસાડીને શું નાથ;
હોંશ ધરી લઇ જાઓ તો, સાથ લેજો સંગાથ. આવો.
બાપઓ આપણે પણ એહની, નહી મુકવી પુઠ;
ફરી રીત્યે લઇ જાય છે, જુવો સાચ કે જુઠ. આવો.

બોડાણો— દોહરો.

ધાર્યું સુભ કરને સદા, કાર્ય સફળ કરનાર,
વિનતી મારી એટલી, ઉર ધર જગતાધાર;

ગુગળી— ગીતી.

હર્ષીત મન દીસે છે, કપટ કરી લઇ જાશે ગીરધારી;
બંદોબસ્ત કરીને, ચોકી ચોદીશે મુકી સારી. (સૌ જાય છે.)

બોડાણો— છંદ લલીત.

અરર ઓ પ્રભુ લાજ ગાબરી, કર તમો બધી જાણજો હરી;
સકળ શેવકો કરત મશ્કરી, ઘર ગયા બધા જાપતો કરી.
અખીલ વિશ્વના દેવ છો તમે, ગહન શું ગતી જાણીયે અમે;
ફકત આશ છે રદયમાં ખરી, ઘર ગયા બધા જાપતો કરી;
સકટ ભાગલુ બળદ દુબળી, વગર હાંકતાં વળી પડે ઢળી;
નમન હું કરૂ નાથ કરગરી, ઘર બધા ગયા જાપતો કરી.

(બોડાણો ઉપર મુજબ બોલ્યાબાદ સુઇ જાય છે, મધ્ય રાત્રીના સમયમાં પ્રભુએ નીંદ્રામાંથી જગાડી,—

શ્રીરણછોડજી— ગીતી.

ઉદય રાત ગઇ ઝાઝી, ગાડી જોડી ઝટપટ થા તૈયાર;
આવી મંદીર મારે, સ્પર્શ કર્યાથી ઉઘડશે દ્વાર.

બોડાણો—મુજ મારે પ્રભુજીએ, નકી નીદ્રા આજ નથી લીધી:
સ્વપનું સાચું પડીયું, કૃપા સીંધુએ કૃપા અતી કીધી;

(બોડાણો શ્રી રણછોડરાયજી મહારાજને ગાડીમાં પધરાવી ગામ બહાર નીકળે છે, ત્યાં દેવતાઓ આકાશ વાંણી કરી પુલની વૃષ્ટી કરે છે.) (આકાશ વાંણી.)

દેવતાઓ— (સગુર સગુર સતવાદી રાજા,) એ રાહ.

ધન્ય ધન્ય બોડાણા તુજને, પ્રભુ પ્રસન્ન કરીને;
લઇ ચાલ્યો તું હરિ નીજ ગામે, ધન્ય તુજ જનુનીને.
દેશે મોક્ષ ગતી સારી, જોઇ સાચી ભક્તિ તારી;

(પુલથી વધાવે છે) (એટલામાં એક દીવ્ય પુરૂષ આવે છે.)

દીવ્ય પુરૂષ— (દયાળુ દેવ કૃપાળુ તુ,) એ રાહ.

કૃપા સીંધુ, સદા શેવા, દયાળું, આપ જે દેવા;
શરણમાં, રાખજે જારી, ચરણનો દાસ, આધારી.
નથી દાતા, વીના ત્રાતા, નીવારી દુઃખ, કર શાતા;
અજર જગરાય, ખરા સ્વામી, પડું છું પાય, શીર નામી;

શ્રીકૃષ્ણ— રાગ ધનાશ્રી.

પુર્ણ થયાં તું વર્ષ, દેહ ધારી, પુર્ણ થયાં તું વર્ષ;
થતાં સકટ ચર્ણ સ્પર્શ, દેહ ધારી પુર્ણ થયાં તું વર્ષ.
જડ પદારથ રૂપે તું અહી, રહ્યો ધરી મન હર્ષ; દેહ૦
ચૈતનતા પામ્યો તુ છેવટ, થયો નહી અદર્શ; દેહ૦

સાખી.

આજ્ઞા તુજને એટલી, કરૂ જોઇ મન ભાવ;
ભક્તિ જોઇ મુક્તિ દેઉ, સ્વર્ગ લોકમાં જાવ;

(એટલામાં અંતરિક્ષથી વૈમાન આવે છે તેમાં બેશી પ્રભુની આજ્ઞા મુજબ વૈકુંઠમાં જાય છે, તે જોઈ બોડાણો કહે છે.)

બોડાણો— રાગ ગીરધારીનો.

પ્રભુ મારારે, કોણ પુરૂષ અહી આવ્યો, લૈ આજ્ઞા સ્વર્ગે સીધાવ્યો;
મારા મનનીરે, ભ્રાંતી નીવારો સ્વામી, છો સગળે અંતરજામી.
જાણો બીનારે, મનની ગરૂડા ગામી, નથી કંઈ કૃતીમાં પ્રભુ ખામી;
ઝુલ—દીસે શ્રષ્ટિ સકળ કરનારારે, કેવા ઉત્તમ આપના ધારારે;
ગણું ગુણુ ગોવિંદ શાતારારે, કહો કરૂણારે, કારી શી રીત ફાવ્યો; લઇ.

શ્રીકૃષ્ણ—(સુણરે કાલેદેવરે તું મેરી એક બાત.) એ રાહ.

જે બાવળના કાષ્ટથી, સકટ તણું નીરમાણુ;
તે સમડી થઈ આ જગો, ઉગ્યુતુ પરમાણુ.
સ્પર્શ થતાં મમ પાયનો, મુક્તિ પામ્યો દેહ;
ભજતાં સ્વર્ગે સંચર્યો, ખરા ભાવથી એહ.

(ભગવાન પોતાના ભકતને થાકેલો જોઇ, રાશ, પરાંણો પોતે લૈ, તેને સુવાડે છે, અને પ્રભુનો હાથ બળદને અડકતાં આકાશ માર્ગે ઉડવા લાગ્યા, થોડીવારમાં શીમળાજ ગામ આવી પહોંચ્યા.)

શ્રી રણછોડરાયજી— સોરઠો.

શું ઉંઘે સુસવાટ, જાગી જો ચીતમાં જરી;
આ તું ગામની વાટ, હોય અગર ના હોય કે.

(પ્રભુ હેઠળ ઉતરી લીમડાનું ડાળ ઝાલી ઉભા રહે છે, બો-

ડાણો જાગીને જુવે છે તો પોતાના ગામની શીમમાં આવેલા જાણી હેઠળ ઉતરે છે, પ્રભુ પોતાનું પારખું બતાવવા લીંમડાનાં પાન પોતાના ભકતને આપે છે, બોડાણો તે પાન ખાતાં આશ્ચર્ય પામે છે.)

બોડાણો— ગરબી.

આખા લીંમડામાં એક ડાળ મીઠું રે; રણછોડ રંગીલા,
મેતો આ એક અચરજ દીઠું રે, રણ૦ જડ પદાર્થ જે મહાપાપીરે રણ૦
કાષ્ટ બાવળનાને મુકિત આપીરે, રણ૦ જતાં દીન વીત્યા ઘણા વહીરે, રણ૦
ત્રણ પહોરમાં હું આવ્યો અહીરે, રણ૦પ્રભુ ગહન ગતી છે તમારીરે,રણ૦
નથી પોચતી ગતી ત્યાં મહારીરે, રણ૦ધન્ય ધન્ય પ્રભુ તારી લીલારે રણ૦

(પ્રભુને પોતાને ઘેર લાવી, ઘરમાં પધરાવે છે, ત્યાં ગામના લોકો દર્સન કરવા આવે છે.)

સુત્રધાર— ગીતી.

પ્રભુ ડાકોર પધાર્યા, વિક્રમ સંવત બારસે બાર;
કાર્તીક પુર્ણી માયે, અમૃત ચોઘડીયું ગુરૂવાર.

ગંગાબાઇ—(સ્તુતિ કરે છે.)"જય જય સુદ્ધ બુદ્ધ તારી" એ રાહ.

જય જય ગતી અતિ તાહારી, આશા પુરો પ્રભુ માહારી;
કર સુમતી-કાપી સૌ કુમતી; આશા પુરો પ્રભુ માહારી; જય જય૦
શંખ ચક્ર ને ગદા પદ્મ તે, કરે અતી ચળકાર,
કાને કુંડળ લળકે, માથે મુગટ ઝળકે;
જગધર-શુભકર-મનહર-ત્રાતા-નમુ નમુ,
ગરવ તજી-હરજી-જોતનનન-ધ્યાંન, ધ્યાંન, ધ્યાંન દઇ; જય જય૦

પ્રવેશ તેરમો. (સ્થળ દ્વારકાં.)

(પાત્ર શોમદત્ત, વિષ્ણુદત્ત, મનોર, વિગેરે.)

શોમદત્ત— **શીખરણી.**

અરે કાંનો વારો, આજ પ્રભુનો છે ભઇ,
નથી ક્યાં કરનારો, શેવાનો આવ્યો નહી;
કરો ઉતાવળ સઉ, વેળા પૂજાની થઇ,
જઉછું હું વહેલો, હજુ કસુંબો કાડયો નહી; ૧

વિષ્ણુદત્ત— **બજાજારો.**

કરો રોજ કસુંબા પાણી, વિતી વેળા તે ના જાણી,
શેને માટે ઠપકા ખઇયે, પ્રભુ પાસે બેશી રહીયે;
તો તો ગણીયે સુદ્ધ પુરાંણી; વિતિ૦

મનોર—તમે રંગ પાણીના યારી, મળે ચલમ તો સુખકારી,
ખુણો ખોળી ચલમો પીવી, વૃથા ભોગવો આયુશ જીવી;
પડી ટેવો છેક નઠારી; મળે ચલમ૦

(ભઇયો આજે ઘણી વાર થૈ છે માટે સૌ ગરબડ જવા દૈ ચાલો. સૌ જાય છે.)

સર્વે ગુગળીઓ— **ઇંદ્રસભાની ગજલ.**

સુન્યકાર યાર આજે, આ જણાય છે,
કળકળે છે કાગ નાગ, આડા જાય છે; સુન્ય.
નાચતા શીખંડી, શીખરે તે ક્યાં ગયા,
માનો યા ન માનો, અપશુકન થાય છે; સુન્ય.

(મંદીર ખુલ્લાં જોઈ અંદર મુર્તી ન દેખતાં.)

ઇંદ્ર સભાની ગજલ.

હાય હાય ત્રાણ ત્રાણ, જીવ જાય છે,
ક્યાં કૃપાનો નાથ મારો જગ રાય છે; હાય.
કેમ કેવી રીત્યે કાંણું આ કમાડને,
ખોલીયાં ખરો અચંબો પેદા થાય છે; હાય.

સર્વે ગુગળી— **સોરઠો.**

કોઈ ગયો લઇ ચોર, ચોરી દેવળમાં થઇ;
થયું અંધારૂ ઘોર, દેવ જતાં દેવળ બધે.
આપણ સૌ ફરીયાદ, રાય કને જઇને કરો;
સુણી આપણી દાદ, નાદ ઉતારે ચોરનો.
(રાજાને ત્યાં સૌ જાય છે.)

પ્રવેશ ચૌદમો. (સ્થળ-રાજ્યકચેરી.)

ગુગળી ૧ લો— માલીની છંદ.

નરપતી નથી રહેતી, હામ હૈયે અમારે;
અચરજ અતી ભાસે, નીરખતાં રાય આરે.
પુરપતી લક્ષ્મિકાન્ત, કમળાક્ષી ક્યાંયે;
ગરવંતી ગતી દારા, ત્યાગી રણછોડ રાયે.

વિષ્ણુદંત— **ઇંદ્ર સભાની ગજલ.**

ફરીયાદ યાદ આમ તણી દરબારમે કરો, હરો હમારાં દુઃખ, સુખ આપળે કરો;
ચેરા હમારા બદનકા, ફીકા તમામહે. ન દામ હાગ ઠામ એક નેક નામ હે;
સોમ—જશી ગુજારા જનનાતો, જાનરે જશી, જશી ત્રીલોકીનાથ હાલ તેન આવશી

દુલીપસિંહ— **દેશાખી લાવણી.**

વિપ્ર શી વદો, મર્મની આ વાણીરે,
રેરે ઝટ, છે છેવટ, ક્ષત્રી વટ, કાપુ કટ, લટ ધાલુ ધાણીરે; વિપ્ર,

ગુગળી—દ્વારીકાં પતીની મુરતી ચોરાણીરે,
શું દુર્ભાગ્ય, હરી આ જાગ, કરીને ત્યાગ, દેખી લાગ, ભાગ ગયો દાણીરે.

દુલીપસિંહ— **ક્ષત્રી કલંક.**

કયાં સુધી એ ચોર જનાર, અહીથી ઝટપટ દોડોરે.
દોડો દોડો સુરા મુજ સ્વાર, એડી દઈ મારો ઘોડોરે,
મુકો છેટો ન લ્યો એનો પાર, અહીથી ઝટપટ દોડો રે.
આવ્યો ગામ બહાર હું આ વાર, એડી દઇ મારો ઘોડોરે.

ગુગળી ૧ લો—ગજલ. (સમુદ્રે મર્યાદ ભ્રાત,) એ રાહ.

નથી મારાજ ચોર એક ભકત આવતો,
લાવનો તે તુળશી અહી ચડાવતો; નથી.
શીતેર વર્ષ સુધી શેવા હર્ષથી કરી,
કયાં યે કયાં પતો ન પાપી હીંડતો જતો; નથી.

ગુંગળી ૨ જો— ગજલ. (રાગ ઉપરનો.)

તેં પ્રજાપતી શી મત સત્ય વાપરી,
કરી અકારી જીંદગી લઇ ગયો હરી; તે પ્રજા.
દુટેલ ગાડી બેલ જોડી દુરબળી ખરી,
હતો ઉમંગી અંગ નજર નેહની ભરી; તે પ્રજા.

દુલીપસિંહજી— ઇંગ્રેજી રાહ.

ઝટપટ ખટપટ લાગી દુર; દળ વાદળ દુશમનનું પુર;
કરવા કર બખતર હથીયાર, ધડબડ દોડી મારો માર.

શા છે એ ચોરોના ભાર, દીસો સામંત શાણા સુર; ઠળીવા૦ ઝટ.

(રાજા, સ્વારો, ગામના લોકો અને ગુગળી લોકો, બોડાણાને ખોળવા ચાલ્યા, થોડે દીવસે ડાકોર આવી પોચ્યા.)

પ્રવેશ પંદરમો. (સ્થળ બોડાનું ઘર.)

શ્રી રણછોડરાયજી— ત્રીતાલી ચોપાઇ.

મારી ભકિતયે વૈકુંઠ જાવે, ફરી ધભે વાસ ના આવે;
હુતો અનાથ બંધુ કેવાઊં, તો કેમ ભકત શીર દુઃખ આવું
આવ્યો છે રાજા કાબા સહીત, મારવા મમ ભકત પ્રચીન;
સુંણી કપારી સ્ફુટતી શીત, નોહ્ય નોહ્ય અમારી રીત;

બોઠાણા— (એટલામાં આવીને,) સોરઠો.

કમળાક્ષીના કાન્ત, પડયો ગુનોશો માહ્યરો,
ભાગો મનની ભ્રાંત, ઉદાશછો વિચારમાં;

શ્રી રણછોડ— (ભલે પધાર્યારાય કુંવરજી.) એ રાહ

ભકત ભાવ ધરી અંતરમાંહી, આજ તુને ચેતાવું છું;
આવ્યો દ્વારકાંનો રાજ, લૈ ગુગળી સમાજ, આજતુને એ કરશેતાજ ભ.
માટે માથે મહીની મટકી. શ્રીફળ લૈ સામો જાને;
મોટો માનશે એ પાડ, પેલો મને સંતાડ, કદી કરીશનહી સાંમી રાડ; ભ.

બોડાણા—ઝાઝા જંન મળીને મુજને, માર મહોકમ એ મારે;

શ્રી રણછોડ—ડરીશ નહી લગાર; ગારેતો તું ખાજે માર.

બોડાણા—રાંક રડે ઘેર મારી નાર, ઝાઝાજંન મળીને.

શ્રી રણછોડ—દારાતું દુઃખ મનમાંથી તું, દુરકરી જલદી જાને;

ગંગાબાઇ—પતી તજી ચિંતાય, વ્હેલા થાવો વિદાય.

લાગો જે ગુગળીને પાય.

(બોડાણો સાંમો મળવા જાયછે, અને શ્રી રણછોડ રાયજીને ગામના લોકો ગોમતીમાં સંતાડે છે.)

પ્રવેશ સોળમો, (સ્થળ ડાકોરની ભાગોળ.)

ગુગળી, ૧ લો— રાગ માઢ.

રે આ આવ્યો બોડાણો, એને સાચો ચોરટો જાણોરે, રે આ.

ગુગળી, ૨ જો—છળ કરીને છેતરવાને, આવે મળવા માટ.

ગુગળી૧લો—ઘાટ ઘડો એનો વાટ જુવો,ટાળીદો ઉચાટ રે, આ આવ્યો.

ગુગળી, ૩ જો—ગાડી ભાગલી બળદ દુબળી, લઇ આવ્યોતો ત્યાંય,

ગુગળી ૧ લો—તે દ્વારીકાં ધિશ લઇ નાઠો, ખચીત દીસે યાંહરે' આ.

ગુગળી, ૪ થો—પુછી એને પારજ પામો. વામો દુઃખ દરીયાવ.

ફુલીયસિંહ—બાંધો પકડો એ કપટીને,સામંત સાંમા જાવરે. આઆવ્યો.

બોડાણો— માલીની છંદ.

નથી કદી કરી ચોરી, રાય દરીયાફ કરીયે;
મમ પરમ પૃથ્વીના, જરી રોશ ધરીયે;
સમીપ સકટ લાવ્યો, તે નથી વાંક મારો:
ગતી અતી પ્રભુ નીએ, આપ મનમાં વીચારો;

(એટલામાં બોડાણાને ગુગળી અકસ્માત તીર મારે છે, પ્રભુનું સ્તવન કરતાં ધરણીપર પડે છે,

રાજા—(પુરબોસાથી.) "મુજઉપર ગુજરી, એ રાહ."

કર્યું સાહસ આ સૌ, મળી માર્યો બોડાણો,
લૈ આવ્યો મહુકી, દ્વપીની મસ્તક જાણો;

ના પુછયું ગાછયું, કર્યું અઘટતુ આવું,
બીન અપરાધી ને મારી પડે પસ્તાવું.
રે થયું થવાતું હતુ, હવે નહી થાશે,
કરી આવું સાહસ કર્મ પછી પસ્તાશે.
બસ પડી રહો આ ઠામ, સવારે જવાશે.
કરો શોક બધા તક થાક નીરાંતે ખવાશે;

(ભોડાણાને તીર માર્યું તેનો ઘા પ્રભુએ જળમાં ઝીલી લીધો, વૈમાનમાં બેશી દીવ્ય સ્વરૂપે બોડાણો સ્વંગ લોકમાં જાયછે;)

દુલીપસિંહજી—(જબકેકીલંદર બીન બીન ફીરકર.) એ રાહ.

સુરા સાગતો સાવધ થઇને, ઝટપટ અહીથી જાઓને,
શસ્ત્ર સાજ ભાલા લઇ સંગે, ભાળ પ્રભુની લાવોને;
ગામમાં જઇને સઉકોના તપાશી અવાસ,
ફાવે તેમ કરી હરી લાવોને તપાસ;
હીમત ધરોને ખુણે ખુણો ખોળી ખાસ–ગામમાં–સુરા.

(ગુગળી અને શીપાઇયો પ્રભુને ખોળવા જાય છે, આખા ગામમાં બધે તપાસ કર્યો પણ કંઈ પતો લાગ્યો નહી, આખરે ગોમતી ઉપર આવી જુવે છે તો પાણી રૂધીરવાળુ દીઠું, તેમાં તપાસતાં પ્રભુ જડ્યા, તેમને પાણીમાંથી ઉચકી આરા આગળ લાવ્યા, ત્યાંથી ઉપાડવા ઘણો પ્રયત્ન કર્યો પણ ઉપડ્યા નહી, તેથી નિરાશ થઈ પસ્તાવા લાગ્યા.)

પ્રવેશ સતરમો. (ગંગાબાઇનું ઘર.)

ગંગાબાઈ—અચાનક આ શો કોપ કીધો કીરતાર, એ રાહ.

નાથ આ અનાથને, મુકી કયાં ગયા, સાથ કેમ લીધી નહી, એકલા ગયા
આશ મુજ ભંગ થઇ, નોધારી કરી, કાબા કષ્ટ દેશે ઘણું સાય શ્રીહરી;

શ્રી રણછોડરાયજી—(એકદમ આવીને.) ગીતી.

સોચ કરે છે શાને, મુકી નીસાસા રૂદન કરે છે સતી;
ધીર ધરય મન માંહી, છે આ મારી પાસ તારો પતી.
જા જઇ કાબાને કે, કૃષ્ણ બરાબર કનક તોળી લ્યોને;
આવશે નહી અહીયાંથી, ખાલી માથાફોડ જવા દોને.

ગંગાબાઇ—સ્વપ્ના માંહી સોનું, દ્રષ્ટે દીઠું નથી ખચીત જાણો,
તો કયાંથી લાવી દઉં, ઘરમાં નથી એક દળવાને દાણો.

શ્રીરણછોડ—વાળી વાલ સવાની, એહ બરાબર હું નીશ્ચે થાઉં,
કામ આપણું થાશે, રહું તારે ઘેર ત્યાંતો નહી જાઉં;
(જાય છે.)

ગંગાબાઇ—(કાબાને કહેછે.)

(જો જાય છે ઉડી ઉડી નીશા ધીમે વીતી.) એ રાહ.

શું જુવોછો ફરીફરી પ્રભુની પુઠળે, બ્રહ્માંડ ભાર મેલ્યો છે સુંદીર શાગળે;
કરજોડી કરૂ વિનંતી સાંભળો શાણા કર્ણ,ત્રીકમ તોળી આપું હું લાવીનેસોવર્ણ
વચન સત્ય માની સઉ મારૂ આ પળે.—બ્રહ્માંડ—શું જુવો છો.

સર્વે ગુગળી—(ખીલી વસંત બહારરે.) એ રાહ.

નિશ્ચે લઇશું નીરધારરે, આપો સુવર્ણ તોળી, (૨)
ત્રીકમ તોળી લેવું હમારે, એ છે કબુલ કરારરે. આપો.
કનક કોશે ખોદી લાવો, અહી કરો અંબારરે. આપો.
કર્યા કરારમાં વાંકુ બોલે, તેને પુછે મોરારરે. આપો.

ગંગાબાઇ—(કંપાણુ બાંધીને.)પદ.

વ્હારે ચડજો વિઠલ મારી, (૨) આશ મુને એક હરી તારી. વ્હારે.
અહલ્યા ઓદ્ધારી, ગુણકા તારી, એક નામથી ગીરધારી. વ્હારે.
પંચાળીનાં પટકુળ પુર્યાં, પાંન્ડવની પ્રતિજ્ઞા પાળી. વ્હારે.
ગ્રાહથી ગજરાજ બચાવ્યો, ગહન ગતી તારી ન્યારી; વ્હારે.
ભીડભંજન ભક્તાધિન ભુધર, આજ લાજ રાખો મારી; વ્હારે.
(તોળા કરતી વખતે કૃપાળુ સામું જોઇ.)

સર્વે ગુગળી— (થારબ મુજે બચા (૨) એ રાહ.)
ગજબ અજબ આ (૨) કનક નીચું નમ્યું, કૃષ્ણ તો ફસ્યા; ગજબ૦
પ્રથમ પ્રભુમાં હતુ વજન અથાગ,ફુલ તુલ્ય હવે થયું,ફુટયાં સૌનાં ભાગ્ય.
જુઓ મહારાજ આ (૨) કનક૦ ગજબ૦

રાજા—ત્રાંસ માંહી ખાધ ઘણી કરો ફેરફાર;
સર્વે ગુગળી—રાજ શીર તાજ જુઓ આ નમ્યું અપાર;
કબુલ કરી ફસ્યા (૨) કનક૦ ગજબ૦

સર્વે ગુગળી-(નીસ્તેજ ચેરે) **"હશે ક્યાં પ્યારી બેન મારી" એ રાહ**
આવ્યા દુઃખકારી દીન ભારી, જન જાતી જાત્રા કરવાને;
આવશે નહી હારી, આવ્યા.
હાય હવે શું થાશે હરજી, છોરાં ક્યાંથી અંનજ જમશે;
ગતી ગઈ હારી. આવ્યા.
કૃપાળુ કૃપા કરી કાપો, દીન દાસની દાદ સુણીને;
દુઃખો વિદારી, આવ્યા.

શ્રીરણછોડરાયજી—(ગુગળી પ્રતે) **રાગ સદર.**
શાને સૌ દુઃખી દીલ થાઓ, જાવો પાછા દ્વારામતીમાં,
હ્યો સુખે લાવો, શાને સૌ.

શેવંત્રી વાવ્યમાં જોજો, પ્રગટ સ્વરૂપ ત્યાં છે મારૂં,
શાને ખોટી થાઓ. શાને સૈ.
સ્થાપજો સ્થાનકે મારે, લોક આવી સૈ જાત્રા કરશે,
ખુશી થઇ જાઓ. શાને સૈ.

(સર્વે ગુગળી રાજા સહવર્તમાન દ્વારકાં જાય છે.)

ગંગાબાઈ—(મંદીરમાં પધરાવી આરતી ઉતારે છે.)

"પ્રીય કરો શંભુનાથ" એ રાહ.

અતિ આનંદ અપાર (૨) સ્યાંગ સુંદર છબી પેખતાં,
કરે કુંડળ ઝળકાર (૨) મુગટ મનોહર દેખતાં; અતી.
દસ આંગળીયે વ્હેડ (૨) સોના સાંકળીયો કંઠે ધરી,
કનક કંદોરો કેડ (૨) સાક્ષ થયા આજે શ્રીહરી. અતી.

સર્વ પાત્રો—(નમામી મહીશાસુર મર્દની.) એ રાહ.

શ્રી ડાકોરાધીશ સુખ કરજો, આર્ય જનને આશ તારી,
છે હરી—કરપૂરી—દુ:ખ હરી—કૃપા કરી—
સકળ શ્રષ્ટિમાં સુખ શાન્તિ કરજો—જય જય જય કરજો. શ્રી.

સમાપ્ત.

જાહેર ખબર.

श्री डंकपुराधिप.

શ્રી રણછોડરાયજી મહારાજની,

ભજન રત્નાવળિ.

જેની અંદર જુદા જુદા રાગનાં પદ, કીર્તન, ધોળ, ગરબા, ગરબીયો, ઠુંમરી, વસંત, હોરી, ગજલો, લાવણીયો, વિગેરે જુદા જુદા કવિ કૃત રશીક રશીક ચુંટી કાઢી બસે ઉપરાંત ભજનનો સંગ્રહ કરી શ્રી રણછોડ રાયજી મહારાજના ચર્ણારવિંદની શેવાના શો-ખીની પ્રેમી ભક્તોને અવસ્ય સંગ્રહ કરવા લાયક ગ્રંથ તૈયાર કર્યો છે.

આ પુસ્તક મજબુત અને સુશોભીત પૂઠાં ઉત્તમ સફાઇદાર કાગળો તથા સુંદર છાપણી લોકોનાં મન રંજન થાય તેવી રીતે પૃષ્ઠ ૨૦૦) ઉપરાંતનું થોડા વખતમાં બહાર પડશે

આ પુસ્તકની મેહેનત અને ખર્ચ સામું ન જોતાં આગાઉના ગ્રાહકો પાસેથી લેવાની કીમત ફક્ત આઠ આનાજ રાખી છે, પાછળથી બાર આના પડશે, ટપાલ ખર્ચ જુદું પડશે, દશ પુસ્તક સામટાં રાખનારને એક પુસ્તક મફત મળશે, ગ્રાહક થનારે પોતાનું નામ તથા ચોકસ ઠેકાણું નીચેના શીરનામે લખી મોકલવું.

મુ. ડાકોર. } લી. ધ્યાની.

ઠે. ગોડાગાળની પોળ. } જયશંકર વિ૦ ભાઇશંકર.